આ બધી ટનલ બનાવવી સરળ નહોતી. તેનું મુખ્ય કારણ એ છે કે હિમાલય એક નબળો પર્વત છે અને અહીં ટનલ બનાવવી એ ખૂબ જ જોખમી કામ છે. જે ટનલ બનાવવાનું સૌથી પડકારજનક હતું તે T-૩૩ નંબરની ટનલ છે. કટરા નજીક આ ૩.૨ કિ.મી. લાંબી ટનલ ત્રિકુટા ટેકરીઓની નીચે બનાવવામાં આવી છે. આ ટનલ બનાવવી વધુ મુશ્કેલ હતી. તે જે વિસ્તારમાંથી પસાર થાય છે તે હિમાલયમાં એક તિરાડ છે જેને મુખ્ય સીમા થ્રસ્ટ એટલે કે MBTકહેવામાં આવે છે. MBT માં થી પસાર થતા ભાગમાં ખડકો ખૂબ જ બરડ છે. તેના ઉપર પર્વતની અંદરથી ટપકતા પાણીને કારણે પણ ઘણી મુશ્કેલી આવી હતી. ઓક્ટોબર ૨૦૧૭ માં ખડકો તૂટી પડવાને કારણે અહીં કામ થોડા સમય માટે બંધ થઈ ગયું. પરંતુ પછી એન્જિનિયરોએ નવીનતમ ટેકનોલોજી અને ઘણી સાવધાની સાથે આ કામ પૂર્ણ કર્યું. આ ટનલ ડિસેમ્બર ૨૦૨૩ માં પણ પૂર્ણ થઈ ગઈ હતી. આ રેલ્વે લાઈન પરની સૌથી લાંબી ટનલ T-૬૦ છે. જેની લંબાઈ લગભગ ૧૩.૨ કિલોમીટર છે.

આ સાથે કાશ્મીરને કન્યાકુમાર સાથે રેલ્વે લાઈન દ્વારા જોડવાનું સ્વપ્ન પણ સાકાર થયું હતું. વડા પ્રધાન મોદીએ ૬ જૂને આ સમગ્ર પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરીને આ રૂટ ઉપર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી હતી. જે શ્રી માતા વૈષ્ણોદેવી, કટરાથી શ્રીનગર જશે અને ત્યાંથી પરત ફરશે.

એવી આશા છે કે, ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ્વને લાઈન જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસનમાં નવો પ્રાણ ફૂંકશે. કાશ્મીરને દેશ સાથે જોડતા આ રેલ પ્રોજેક્ટ સાથે ભારતીય રેલ્વેએ ઘણા રેકોર્ડ પણ બનાવ્યા છે.

K ⁂


।। શ્રી વલ્લભ ।।

SHREEJI AROMA

**પુષ્ટિમાર્ગ સુગંધ ઋતુ પ્રમાણે**

**ઉષ્ણકાલ (માર્ચ થી જુન)**

ગુલાબ, રુહ ગુલાબ, મોગરા, ખસ,
જુઈ, ચંપા સોંધો, બોરસલી, વ્રજસૌરભ

**વર્ષાઋતુ (જુન થી ઓક્ટોબર)**

કદંબ, કેવડા, પાનડી, માટી, સોંધો

**શીતકાલ (ઓક્ટોબર થી જાન્યુઆરી)**

હીના, અંબર, કસ્તુરી, કેસર, સોંધો

**ફાગણ (ફેબ્રુઆરી થી માર્ચ)**

કેસર, સોંધો, ગુલાબ, વ્રજસૌરભ

**બારેમાસ ધરવા માટે**

ગુલાબ, મોગરા, સોંધો, વ્રજસૌરભ, બરાસ

**Rohitbhai : 9819627744**

138 ,Princess Street, Govind Building, Mumbai - 400002

Website : www.shreejiaroma.com


Email : info@shreejiaroma.com/sales@shreejiaroma.com

# ફાઈટર પ્લેન પાયલટ અને G-9 સૂટ.....

- તંત્રી મંડળ તરફથી

જ્યારે પણ પાઈલટ્સ ફાઈટલ પ્લેન ઉડાવે છે, ત્યારે તેઓ આ G-9 સૂટ પહેરે છે ? તમે જોયું હશે કે જ્યારે પણ પાઈલટ્સ ફાઈટર પ્લેન ઉડાવે છે, ત્યારે તેઓ એક ખાસ પ્રકારનો સૂટ પહેરે છે. આ સૂટ સરળ લાગે છે, પરંતુ તે ઉડાન ભરતા પાઈલટ માટે ખૂબ જ ઉપયોગી છે.

આ સૂટ તેમનો ડ્રેસ નથી, પરંતુ તે વિજ્ઞાનને કારણે ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. એટલે કે તે ફક્ત યુનિફોર્મ માટે પહેરવામાં આવતો નથી, પરંતુ તેઓની જરૂરિયાત મુજબ પહેરવામાં આવે છે. જ્યારે પણ ઉડાન ભરતું વિમાન હવામાં ઉડતું હોય ત્યારે તેની જરૂર પડે છે. આ સૂટ વિમાન ઉડાવવામાં ખૂબ જ અસરકારક રીતે મદદગાર બને છે. તો ચાલો જાણીએ કે આ G-9 સૂટ કેમ પહેરવામાં આવે છે.



G-9 સૂટનો હેતુ ફ્લાઈટ દરમિયાન લોહીના પ્રવાહને નિયંત્રિત કરવાનો છે. સામાન્ય રીતે 1-G (ગુરુત્વાકર્ષણ બળ) જમની પર અનુભવાય છે. આપને જણાવી દઉં કે `G' એ ગુરુત્વાકર્ષણ બળ માપવાનું એકમ છે. સામાન્ય રીતે માનવ G-3 સુધીના ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરી શકે છે અને ફાઈટર ક્રૂ G-4 થી G-5 સુધીના ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરી શકે છે. ફાઈટર પાઈલટ્સને આટલી બધી તાકાતનો સામનો કરવા માટે તાલીમ આપવામાં આવે છે પરંતુ જ્યારે આ તાકાત આનાથી વધુ હોય ત્યારે કોઈપણ પાઈટલ માટે તે મુશ્કેલ બની શકે છે. જ્યારે `G' ફોર્સ વધારે હોય છે, ત્યારે લોહી હૃદયની બહાર વહેતું નથી એવું પણ શક્ય છે કે લોહી ફક્ત પગ અથવા પગની ઘૂંટીમાં જ એકઠું થઈ જાય છે.

જો લોહી એકઠું થાય તો પાઈલટ બેભાન થઈ શકે છે, અને પોતાનો જીવ પણ ગુમાવી શકે છે. આવી સ્થિતિમાં મગજમાં લોહી વહેતું રહેવું જોઈએ. G-9 સૂટ પહેર્યા પછી ફાઈટર પાઈલટ્સ G-9 સુધીના ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરી શકે છે. G - સૂટ ખરેખર પગની ચેતનાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

જો શરીરના નીચેના ભાગોમાં લોહી એકઠું થવા દેવામાં આવે, તો મગજ લોહીથી વંચિત રહેશે. મગજમાં લોહીના પ્રવાહના આ અભાવથી દ્રષ્ટિ ઝાંખી પડવી જેને બ્રાઉનઆઉટ પણ કહેવાય છે. ત્યારબાદ ટનલ વિઝન અને અંતે દ્રષ્ટિનું સંપૂર્ણ નુકશાન (બ્લેકઆઉટ) થાય છે. ત્યારબાદ વિમાનના પાઈલટ્સને માટે G - એલઓસીનો ભય વધી જાય છે કારણ કે G - ફોર્સને હળવા કરવાથી સંપૂર્ણ સંવેદના પાછી આવે તે પહેલાં પાઈલટ દિશાહિનતાના સમયગાળામાંથી પસાર થતો હોય છે.

જૂના ફાઈટર એરક્રાફ્ટમાં G-6 ને ઉચ્ચ સ્તર માનવામાં આવતું હતું. પરંતુ આધુનિક ફાઈટર એરકાફ્ટમાં G-9 કે તેથી વધુ માળખાકીય રીતે ટકાવી શકાય છે. જે નજીકના હવાઈ યુદ્ધમાં ઉચ્ચ ગતિશીલતા જાળવવા માટે પાઈલટને મહત્વપૂર્ણ પરિબળ આપે છે.

માનક G - સૂટનું વજન સામાન્ય રીતે ૩ થી ૪ કિલો હોય છે. IAF પાઈલટ્સ અનુસાર `G' ફોર્સ ઉચ્ચ સ્તરે જરૂરી છે, તે પછી તમને જેટનો સંપૂર્ણ ઉપયોગ કરી શકો છો અને દુશ્મન ફાઈટર જેટનો નાશ કરી શકો છો. G - સૂટ માં હાજર ખિસ્સા ફાઈટર પાઈલટ માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ખિસ્સામાં, પાઈલટ ફ્લાઈટ દરમિયાન ગ્લોવ્સ, દસ્તાવેજો જેવી મહત્વપૂર્ણ વસ્તુઓ રાખી શકે છે.

# HAST MELAPP GARMENTS

YOUR ONE-STOP ETHNIC WEAR DESTINATION FOR FAMILIES

**બાલાસિનોર નિવાસી, હેમંત યોગેશચંદ્ર શાહની પુત્રી, હિરલ કૌશલ લીમ્બચિયાએ તેમના સ્ટાર્ટઅપની સફરના 3½ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા!**

Target Mall, Ground Floor Shop Number 4,5,7,8, First Floor Shop Number 3,4,5,6,7,8, Opposite Raj Mahal Hotel, Chandavarkar Road, Borivali West, Mumbai:400092. Mob No. +91 9167837851.

## WE PROUDLY SHARE OUR ASSOCIATION AND PARTICIPATION WITH RENOWNED PERSONALITIES


AISHWARYA MAJMUDAR - GARBA PRINCESS


BJP MLA - SHRI SUNIL RANE


KINJAL DAVE - GARBA QUEEN

## આપણા બાલાસિનોર અને માનવંતા ગ્રાહકો માટે!

**BUY 1 GET 1 FREE**

ON DGITAL KURTAS


NILESH THAKKAR-KING OF RAAS GARBA


ATHARYA FOUNDATION PRESIDENT & MLA SUNIL RANE- KHADI MOHTSAV

**FLAT 30% OFF UPTO 50% OFF**

T&C

CELEBRATE YOUR TRADITION IN EVERY STYLE—PARTY, CASUAL, OR FESTIVE WEAR! Hastmelapp

# HAST MELAPP GARMENTS

## Your one-stop ethnic wear destination for families

Target Mall, Ground Floor Shop Number 4,5,7,8, First Floor Shop Number 3,4,5,6,7,8,
Opposite Raj Mahal Hotel,Chandavarkar Road, Borivali West, Mumbai:400092. Mob No. +91 9167837851.



**STEP INTO OUR WORLD OF READY-TO-WEAR, CUSTOMISED AND BESPOKE ETHNIC ENSEMBLES- DESIGNED FOR EVERY WEDDING FUNCTION, FROM GOD DHANA TO THE WEDDING DAY**

- For Men: Sherwanis, Jodhpuri, Suits, Kurtas, Jacket sets, Indowestern and more
- For Women: Ghagra cholis, kurtis, and upcycled saree fusions—turned into dresses, blouses, and more
- Matching sets for couples and families.
- Bespoke stitching for men's and women’s.

**WHETHER IT□S FORMAL, FESTIVE, OR CASUAL, OUR OUTFITS CARRY THE SPIRIT OF CELEBRATION WITH PERSONALIZED CRAFTSMANSHIP AND LUXURIOUS FABRICS.**

**WALK IN TODAY□CELEBRATE YOUR TRADITION IN EVERY STYLE□ PARTY, CASUAL, OR FESTIVE WEAR!**

Hastmelapp

*With Best Compliments From*

*Arvind Parikh* *Bhavik Parikh*

# ESSEN ELECTRICAL ENTERPRISE

SCAME INDIA electrical solutions

legrand LIVE THE ADVANTAGE

OBO BETTERMANN

MK by Honeywell

RR KĀBEL

APAR Tomorrow's solutions today

Soharab Building, Shop No. 3 & 4, 501 Kalbadevi Road, Opp. Edward Cinema, Mumbai-400002.
Tel.: 022-2201 0018 / 2206 4726 • Mob.: 9967516302 • Email : essenelec@gmail.com

# પત્રં-પુષ્પં-ફલં-તોયં

**- ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ**

સવારને અંતરમાં ઉતારિયે તો આખો દિવસ સારો જાય. ખુલ્લા આકાશ સાથે વાતો કરીએ તો સ્વ ને સાચવતા આવડી જાય. મન, હૃદય, પ્રેમ, લાગણીની ચારે કોર ફૂલ અને લીલા પાંદડાઓથી સરસ મજાની છાપરા વિનાની દિવાલ ચણી, આખા આકાશને અગાસી જેમ માણીએ, પવિત્ર ગંગાનાં નીર જેવી લાગણીથી આપણી ફૂલ, પાંદડાની દિવાલનું સરસ મજાનું સિંચન કરીએ તો સવાર તો શું આખી જીંદગી લીલીછમ બની રહે અને આ કરવા માટે સમય ક્યાંય આડે નથી આવતો. આ તો ફક્ત માનસિક ક્રિયા છે.

પત્રં-પુષ્પં-ફલં-તોયં (તોયં એટલે જળ) શબ્દો તો મનમાં પૂજનનો પવિત્ર ભાવ લાવે અને શબ્દ ‘પત્રં’ હૃદયથી કરેલી ઈશ્વરની પ્રાર્થનાનો ભાવ લાવે.

એક સરસ મજાની Theory વિશે લખવું છે. ‘Butterfly Theory’

‘પતંગીયાની પાંખ ફફડે તો પણ સૃષ્ટિમાં આનંદનાં સ્પંદનો રેલાય.’

ધારો કે સવારે કોઈ બગીચામાં ગયા હોઈએ. રંગીન ફૂલોની ખુશ્બુ, એક ફૂલ થી બીજા ફૂલ પર ઉડતા પતંગીયા, ઝાડ પર લટકતા ફળ, ભીની માટીની સુગંધ, ધીમે વહેતો પવન, ખુશ્નુમા વાતાવરણ. આ જોઈને, માણીને જ મન પ્રફુલ્લિત થઈ જાય.

ઘરે પહોંચીએ તો આપણે માણેલો આનંદ પત્નિ, બાળકો ને પણ સ્પર્શી જાય. ઘરનું વાતાવરણ પણ પ્રફુલ્લિત થઈ જાય. પતિ ઓફીસે પહોંચે. ખુશ હોય તેથી એની સાથે કામ કરતા બધાને એ આનંદ સ્પર્શી જાય. બાળકો શાળાએ જાય, કોઈ સાથે ઝઘડા ન થાય પરંતુ રમતનો આનંદ માણે. ઘરમાં આવતી કામવાળી બાઈ પણ આનંદથી કામ કરે. આમ આ આનંદ એ બધાનાં સંપર્કમાં આવતા લોકોમાં પણ પ્રસરાય. આમ સૃષ્ટિમાં આનંદની લહેરખી ફરી વળે.

હવે માની લો; સવારે કામવાળી બાઈને આવતા થોડું મોડું થયું. નાસ્તાનું, બાળકોનાં ટીફીનનું મોડું થઈ ગયું. પતિ-પત્નિમાં આ કારણે ઝઘડો થઈ ગયો. બાળકો અકળાઈ ગયા. પતિએ ગુસ્સો ઓફીસમાં એની નીચે કામ કરતા લોકો પર ઉતાર્યો. બાળકોએ શાળામાં બીજા બાળકો સાથે ઝઘડા કર્યા. આ બીજા બધાની સાથે જે પણ સંપર્કમાં આવ્યા એમને પણ આ નકારાત્મકતા સ્પર્શી ગઈ અને સૃષ્ટિમાં રેલાતી ગઈ. તાત્પર્ય એ છે કે; પુષ્પ, ફળ, તોયં એટલે કે જળ આ તો સૃષ્ટિની આપણને અણમોલ ભેટ છે. એ ભેટ સાચવવાની માનસિકતા આપણાંમા હોય તો જીવન માણતા જેવું તો બની જ જાય. જરા વિચારીએ કે સૃષ્ટિમાં તોયં એટલે કે જળ આટલી મોટી માત્રામાં ન હોત તો ?

સમગ્ર જડ-ચેતન માટે આ તો સૃષ્ટિનું ઋણ છે. તો સૃષ્ટિના રચનારા તો અંતઃકરણ થી આભાર માનવાની માનવતા તો આપણામાં હોવી જ જોઈએ ને ? સમયના અભાવે બીજું કંઈ ન કરી શકીએ પરંતુ ફક્ત બે મીનીટનો સમય તો ફાળવી જ શકીએ. પ્રત્યેક સવારે મનોમન સૃષ્ટિ-દેવને હૃદયથી આભાર માનતો પત્ર તો પાઠવી જ શકીએ. કહી શકીએ ‘હે ઈશ્વર’ - ‘અમે જીવી શકીએ એ માટે તમે અમને ઘણું આપ્યું છે જેમ કે હવા-જળ-ફળ-અનાજ વગેરે. બાકી તો મારા સુખ-સગવડ માટે તો મહેનત મારે જ કરવાની છે. હું આનંદમાં છું અને વિપરીત સંજોગોમાં પણ આનંદમાં રહેવાની મારી કોશિષ હશે અને જોઈતું નહીં મળે તો ફરિયાદ નહીં કરું

કારણ કે મારા નસીબમાં હશે તો મને મળશે જ.' આવી ભાવના વાળા 'પત્ર' થી વંદન તો કરી જ શકીએ.

ઈશ્વર તત્વ સાથેનાં આ સંવાદથી શું સૃષ્ટિમાં આપણી મનોસ્થિતિમાં આનંદની લહેરખી ફરી નહિં વળે ? ચોક્કસ જ આ વિચારધારા થી મનને સાંત્વન તો જરૂર મળશે અને શાંત મન જ સફળતાના પાયામાં આવશ્યક છે.

આ થઈ માનસિક પત્રની વાત. પણ સામાન્ય જીવનમાં પણ આવો પત્ર અસ્વસ્થ મનને ખૂબ જ સ્વસ્થતા આપી શકે છે. એક સામાન્ય ગણાતા પતિ-પત્નિના જીવનની એક સાધારણ ઘટના છે. જે એક હકીકત છે. ચાર ચોપડી ભણેલી એક સ્ત્રી હતી જે ગામડે થી પરણીને સીધી મુંબઈ શહેરમાં આવી હતી. ભણતર ભલે વધુ ન હતું પણ ગણતર ઘણું હતું. થોડા સમય બાદ પીયરથી આમંત્રણ આવ્યું અને એ પીયર ગઈ. થોડા દિવસ પીયર રહેવાનું હતું તેથી એના પતિને પ્રેમ નિતરતો પત્ર લખી મોકલ્યો.

આમ તો એનો વર કોઈ ચેરીટેબલ ટ્રસ્ટના હોદ્દા પર. દિવસ દરમ્યાન આવતા કાગળોમાં માંગણીનાં કાગળો જ વધારે પડતા હોય. માંગણી સિવાય કશું જ ન હોય. ફેંસલા લેવા માટે તપાસ કરવાની જવાબદારી ઘણી વખત એ કંટાળી જતો. મોટેભાગે એનું મન અસ્વસ્થ રહેતું. આભાર વ્યક્ત કરતા પત્રો આવતા પણ એ તો જાણે એક ક્રિયાનો ભાગ.

એવામાં પત્નિનો પત્ર આવ્યો. એ અકળાયો : એને થયું : ચોક્કસ પૈસાની માંગણી જ હશે પણ પત્ર વાંચીને તો એને ખૂબ જ આનંદની અનુભુતિ થઈ. પત્નિએ નિસ્વાર્થ પ્રેમથી પત્ર લખ્યો હતો. એક રૂપિયાની માંગણી પત્નિએ કરી ન હતી. પોતે આનંદમાં છે એવા જ સમાચાર, સાથે પતિની ફિકર, એમના જમવાની ફિકર, તબીયત ની ફિકર..... અને એ માટેની જાણકારી મેળવવા માટેનો પ્રેમથી લખાયેલો પત્ર.

પતિના દિલમાં એકાએક ઝબકારો થયો. મન ખૂબ આનંદમાં આવી ગયું. કંઈ જ માંગણી નહીં ? એનું મન-હૃદય લાગણી ભર્યો પત્ર વાંચીને ભાવ-વિભોર થઈ ગયું. ભાવાર્થ એ જ છે કે,'ઈશ્વર ને પણ રોજ સવારે કહીએ, 'હું આનંદમાં છું. તમે મને ઘણું આપ્યું છે' તો શું તૃપ્તિની લહેરખી ફરી ના વળે ? આજ તો Butterfly Theory નો ભાવાર્થ છે.

કહેવાય છે ને કે : કિસ્મતનો સાથ નસીબમાં હોય તો મળે પરંતુ સૃષ્ટિ દ્વારા અપાયેલું તો કિસ્મતમાં હોય જ. બે ટંક ખાવા તો મળી જ રહે. પીવા પાણી મળી જ રહે. ખુલ્લી હવામાં શ્વાસ લઈ જ શકીએ. રંગોનો આનંદ માણી જ શકીએ. ઉડતા પતંગીયાની પાંખ ફફડે ને સૃષ્ટિનાં એ સ્પંદનો ઝીલી જ શકીએ.

જેટલી જરૂરિયાત ઓછી એટલો સંતોષ વધારે. જેટલી સ્પર્ધા ઓછી એટલી સફળતા વધારે કારણ કે માનસિકતા એ હોય છે કે,' હું જે કંઈ કરું છું એ ફક્ત મારા માટે કરું છું' આથી ચુપચાપ રહી પ્રાપ્ત થયેલી સફળતા જીવનને સફળતાનાં ઉચ્ચ સ્તરે પહોંચાડે છે કારણ કે વ્યક્તિનું Focus એની સફળતા મેળવવા પાછળ જ હોય છે જે વ્યર્થ નથી જતું અને સમય વ્યર્થ ન કરતા એ સફળતાનાં સોપાન આસાનીથી ચડી જાય છે. જ્યારે કોઈ પોતે સફળતા પ્રાપ્ત કરી છે એની જાણ સર્વ જગતને કરવી છે. Focus બદલાઈ જાય છે. સમય તથા મહેનત વ્યર્થમાં બરબાદ થાય છે.

**આ થીયરીને ઊંડાણથી સમજવાની છે.**

**જીવીએ જીવન ! સહજ, સરળ, સ્વસ્થ**
**વેરી સ્મિત : સ્પર્શી દિલ :**
**બની 'શ્રીફળ' થઈ સફળ.**
**એક હાથે લઈ બીજા હાથે અર્પણ !**

K ~~K~~ ~~K~~

ડૉ. આશીશ રજત મોદી



# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

## BALASINOR HAS TALENT


જાન્યુઆરી ૨૦૨૬માં આપણે કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ૭૫ વર્ષ નું અમૃત મહોત્સવ પર્વ ઉજવશે. આ સીમા ચિન્હને યાદગાર બનાવવાં મુંબઈ અને બાલાસિનોર ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

મુંબઈ ખાતેનો કાર્યક્રમ જાન્યુઆરી-૨૬ ની મધ્યમાં આયોજાશે. જેમાં આ પ્રસંગનો ઉત્સવ સમિતી, વાડાસિનોરની ટેલેન્ટને તેમની પ્રતિભા રજુ કરવાં મંચ (Stage) આપવાની ઈચ્છા રાખે છે.

એકાંકી, ગાયન, સંગીત, સ્ટેન્ડ અપ કોમેડી, નૃત્ય, સેન્ડ આર્ટ જેવી વિવિધ કલાઓ, એકલાં (Solo) કે ગ્રુપમાં (દરેક પ્રકારનાં) જો તમે તમારી આ કલાઓને લોકો સમક્ષ પ્રસ્તુત કરવાં તત્પર હો તો, તમારાં લેટરહેડ પર તમારી સંપુર્ણ વિગત અને તમારી પ્રતિભાનું માધ્યમ (ડાન્સ, સંગીત વગેરે) જણાવતી અરજી સંયોજક શ્રી જતીન દેસાઈ (મોબાઈલ ૯૮૨૦૦૪૯૧૩૪) ને પહોંચાડી શકો છો.

સમાજ શ્રેષ્ઠીઓ સમક્ષ તમારી કલા પ્રદર્શિત કરવાનો આ અવસર છે. જાહેર મંચ પરથી પ્રતિભા દર્શાવવાની આ તક ઝડપી લેવાનું ચુકતા નહીં. આશા છે કે બહોળી સંખ્યામાં આપ સૌ આપનો પ્રતિસાદ આપશો જ.

**કાર્યક્રમ સમિતી સંયોજક**
**જતીન ન. દેસાઈ (૯૮૨૦૦૪૯૧૩૪)**

Dent Villa
The Complete Family Dental Care

Dr. Shikha Dharia
BDS

**Treatments we offer :**
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary



To avail a free consultation and 15% Discount on all your treatment
Call us on :
8779558970
8879088330
dr.shikhadharia@gmail.com

Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જુન - ૨૦૨૫ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શાંતાબેન અને કાંતીલાલ લાલચંદ દોશી (તેમજ દવાની કુલ માફી રૂા. ૯,૭૯,૨૪૪) | મેડીસીન વિભાગ | .... |
| ૨. | શ્રીમતી મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૨૪૭૮ |
| ૩. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ | ૫૪૫ |
| ૪. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | ૬૩૮ |
| ૫. | શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | ૧૧૧ |
| ૬. | શ્રી મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફિઝિયોથેરાપી વિભાગ | ૪૩૮ |
| ૭. | શ્રી પૂનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | ઈમરજન્સી વિભાગ | ૧૧૯ |
| ૮. | શ્રીમતી ઈચ્છાબેન ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) | મોબાઈલ વિભાગ | ૧૯૦ |

**મળીને કુલ ૪૫૨૮ દર્દીઓએ ઓ.પી.ડી. માં લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ | એક્સરે વિભાગ | ૪૩૯ |
| ૧૦. | શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | સોનોગ્રાફી વિભાગ | ૧૦૩ |
| ૧૧. | શ્રી ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | ૪૩૧૪ |
| ૧૨. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ ડ્રેસીંગ | ૧૨૮ |
| ૧૩. | શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ (નગરશેઠ) | ઈન્ડોર વિભાગ | ૧૧૪૧ |

તેમજ સર્જનના ૧૦ મેજર ઓપરેશન તથા ૨૦ માઇનોર ઓપરેશન અને ગાયનેકના મેજર ઓપરેશન ૨૨, માયનોર ૦૯ તથા ઈ.એન.ટી.ના ૨૭ માયનોર ઓપરેશન કરવામાં આવે છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૯,૩૯,૯૭૮/-, તેમજ ઈન્ડોરમાં રૂા. ૫૩,૩૬૫/-ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ,એક્ષરે,ઓક્સીજન વિગેરેમાં) રૂા. ૪૪,૦૮૦/- ની માફી મળીને કુલ રૂા. ૧૦,૩૭,૪૨૩/- ની માફી કરવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**(૧) કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પઃ** માહે જુન -૨૦૨૫ ના માસમાં ૬૦ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

**(૨) મણીબેન મોહનલાલ શાહ(વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઇકોકેમ્પ :** માહે જુન-૨૦૨૫ ના માસમાં માં કુલ ૭૧ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ છે.

**(૩) શ્રીમતી જશુમતીબેન કીરતનલાલ કડકીઆ અને કાલીન્દી રાજેશ કડકીઆ ઈ.સી.જી. (કાર્ડીઓગ્રામ) કેમ્પ :** માહે જુન -૨૦૨૫ ના માસમાં ૨૩૮ ઈ.સી.જી. રાહતદરે કરવામાં આવેલ છે. કુલ રૂા. ૧૧,૯૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશિયાલીટી સેન્ટર (કુણીવાલા કેમ્પસ)**
**માહે જુન - ૨૦૨૫ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફિઝીશીયન વિભાગ | ૧૧૫૯ |
| ૨. | શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. વિભાગ | ૧૨૮ |
| ૩. | શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) | ઓર્થોપેડીક વિભાગ | ૧૯૫ |
| ૪. | શ્રી રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૧૩૪ |
| ૫. | શ્રીમતી પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ | દંત વિભાગ | ૪૬ |
| ૬. | શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી | કેજ્યુલ્ટી વિભાગ | ૧૭૭ |
| ૭. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | ક્રીટીકલકેર વિભાગ | ૪૨ |
| ૮. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | મેડીકલ સ્ટોર વિભાગ | ૫૮૬૩ |
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ (કોલકત્તાવાળા) | મેડીકલ આઈ.સી.યુ. | ૧૪૨ |

તથા ગેસ્ટ્રોલોજી વિભાગના ૦૬ મળી **કુલ ૨૦૨૯ દર્દીઓએ ઓપીડીમાં** તથા **ઈન્ડોરમાં ૧૦૯ દર્દીઓએ**, એક્ષરે વિભાગમાં ૨૫૪ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં ૧૦૬૩ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૫૬ દર્દીઓએ લાભ લીધેલ છે. દવાની કુલ રૂ. ૧૮,૮૮૩/- ની માફી તેમજ ઈન્ડોની માફી રૂા. ૨,૬૯૦/- મળીને કુલ રૂા. ૨૨,૧૨૩/- ની માફી કરવામાં આવેલ છે.

**20 % DISCOUNT**

**DR. SPINA MEHTA CHOKSI**

# THE DENTAL BAY

*For a Lifetime of Smiles*

**Our services :**

- **Implant**
- **Smile Designing / Cosmetic Dentistry**
- **Child Dental Care**
- **Wisdom Tooth Extraction**
- **Root Canal Treatment**
- **Teeth Whitening**
- **Orthodontic Braces - Invisalign**
- **Full Mouth Rehabilitation**

**Number : 9819611045 / 9833250129**

***Shifted To***

102, First Floor, Doctor Centre, Above Litolier Floorings, Kempscorner, Mumbai - 400036

## શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી 'માનીકોશી' ડાયાલીસીસ સેન્ટર

ડાયાલીસીસમાં સરકારશ્રીની PMJAY યોજના હેઠળ માહે જુન -૨૦૨૫ ના માસમાં ૧૫૩ દર્દીઓએ લાભ લીધેલ છે. તે તમામ દર્દીઓને સરાકરશ્રીની PMJAY યોજના અંતર્ગત સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે.

## 'ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) CALIFORNIA આઈ હોસ્પિટલ

આ હોસ્પિટલમાં ઓ.પી.ડી. માં માહે જુન -૨૦૨૫ ના માસમાં કુલ ૧૫૫૨ દર્દીઓએ લાભ લીધેલ છે તથા આંખના કુલ ૮૦ ઓપરેશનો રાહતદરે કરવામાં આવેલ છે. તેમજ કુલ રૂા. ૧,૯૦,૦૫૭/- ની માફી આપવામાં આવેલ છે.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ નર્સીંગ કોલેજની ફી માફી માટે વધુ નોંધાયેલ દાન/વચન**

**શ્રીમતી સ્વાતીબેન અને શ્રી શરદભાઈ કડકીઆ (વલ્લભઘેલા) તથા તેમના પરિવાર તરફથી આપણી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ નર્સીંગ કોલેજમાં ભણતા જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓ માટે ''ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) નર્સીંગ કોલેજ સ્ટુડન્ટ ફી રાહત યોજના'' નો આરંભ કરેલ છે. જેમાં તેઓએ રૂા. ૫૦ લાખનું માતબર દાન/વચન આપેલ છે. નર્સીંગ કોલેજની શરૂઆત વર્ષ ૨૦૨૦-૨૧ માં થઈ ત્યાર બાદ વર્ષ : ૨૦૨૧-૨૨ થી સ્ટુડન્ટને ફી પેટે રાહત આપવાનું ચાલુ કરેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫ સુધી દાતાશ્રીઓના દાનથી કુલ રૂા. ૨૧,૧૪,૦૦૦/- ની રાહત આપેલ છે. ગ્રીન્સ ફાઉન્ડેશન યુ.એસ.એ. દ્વારા જે દાન મળશે તે મોટુ દાન આ ફંડમાં ઉમેરાશે. વર્ષ ૨૦૨૫-૨૬ થી રૂપિયા સાડાસાત લાખની રાહત આપવાનું વિચાર્યું છે. દાતાશ્રીઓને વિનંતી કે શિક્ષણ ક્ષેત્રે દાન આપશો. નર્સીંગનો કોર્ષ પુરો થયે તેઓને જોબ મળવાની શક્યતા રહેશે એની અપેક્ષા રાખીએ છીએ. હાલમાં ફી માં ફી રાહત પેટે રૂા. ૯,૭૧,૦૦૦/- જમા છે. વધુ આ યોજનામાં (૧) રૂા. ૫ (પાંચ લાખ) કોકિલાબેન રસિકલાલ મોદી (દેવ) ના સ્મણાર્થે હસ્તે શ્રી વિનિત રસિકલાલ મોદી, હેમા વિનીત મોદી, ઉર્વિશ રસિકલાલ મોદી, શીલ્પા ઉર્વિશ મોદી અને (૨) રૂા. ૧ લાખ હસ્તે શ્રી નિખિલ બાબુલાલ પરીખ (લાય) તરફથી નોંધાયા છે.**

## શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં નર્સીંગ કોલેજ માટે વધુ નોંધાયેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | શ્રી આલોક હર્ષદ કડકીઆ (શ્રી હર્ષદ ભીખાલાલ કડકીઆના સ્મરણાર્થે) | રૂા ૧,૦૦,૦૦૧/- |
| ૨. | શ્રી રજનીકાંત ઓછવલાલ પરીખ | રૂા. ૧,૪૨,૦૦૦/- |
| ૩. | શ્રી તુષાર જે. કડકીઆ | રૂા. ૫૦,૦૦૦/- |

**નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા હોદ્દેદારોના ઈમેલ આઈડી ઉપર તથા મો.નં. ઉપર જાણ કરવા વિનંતી.

કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં **સર્જીકલ નિદાન તથા ઓપરેશન કેમ્પના નામકરણના રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂા. પાંચ લાખ) ના દાતા આવકાર્ય છે.** આ કેમ્પ બાલાસિનોર નગર તેમજ આજુબાજુના તાલુકાઓની ગરીબ તથા મધ્યમ વર્ગની જાહેર જનતા માટે આશિર્વાદરૂપ સાબીત થશે. તો આ કેમ્પના નામકરણ માટે બાલાસિનોર નગરવાસીઓને જાહેર અપીલ કરવામાં આવે છે.

નર્સિંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ છે. નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો દાતાશ્રીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ છે.

આજ સુધી રૂપિયા ૦૫ (પાંચ) કરોડનું દાન દાતાશ્રીઓ દ્વારા મળેલ છે અને **હજુ વધુ રૂપિયા બે કરોડના દાનની રકમની આવશ્યકતા છે.** તો બાલાસિનોરના ઉદાર દિલના સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (ભંડોળ સમિતીના અધ્યક્ષ) (૯૮૨૦૦૩૯૩૦૪) Email : eaglevnd@gmail.com તેમજ આ અંગે અપીલમાં નીચે જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી રાજેન્દ્ર કે. દેસાઈ (પ્રમુખશ્રી) - ૯૮૨૦૦૮૦૧૯૪ - Email : rkdesai1951@gmail.com**
**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭ - Email : nitinkmg@gmail.com**
**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૧૦૨૪૩૯૯ - Email : pparikh58@gmail.com**
**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૦૦૪૯૧૩૪ - Email :sujatient@gmail.com**
**શ્રી યોમેશભાઈ શાહ (ખજાનચી) - ૯૩૨૨૨૪૫૧૪૩ - Email :yomesh2611@gmail.com**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ – માનદ્ મંત્રીશ્રીઓ**


**SANKALP ASTROLOGIST CONSULTANT**

**શ્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**
**ટ્રસ્ટી**
**શ્રી શામળાજી વિષ્ણુ મંદિર (શામળાજી)**
**જ્યોતિર્વિદ મુંબઈ**

**જ્યોતિષ વિષારદ, કર્મકાંડ વિષારદ**
**(મૂડેટી - અમદાવાદ)**
જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જવ્રેશ્વર લેન,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**



**।। જય શ્રી કૃષ્ણ ।।**
**રાધે રાધે**



સ્વર ને સંગીતનો અનેરો સંગમ
**શુભારંભ**
સંગીત ગ્રુપ
**દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા**
**બર્થડે-પાર્ટી , એનિવરસૅરી, જુનાગીતો**
**ટ્રેક શો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા**
સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા
9821172223 / 9221318333
No Network Pls Call On Whatsaap

## બાલાસિનોરનું ગૌરવ

**ખરેખર, રીહાન પટેલ જેવી વ્યક્તિ વિશે માહિતી આપવી એ આનંદની વાત છે ! તે ખરેખર પ્રેરણાદાયક છે.**



ડૉ. કમલેશભાઈ એન. પારેખના પૌત્ર, રીહાન પટેલ બાલાસિનોર માટે ગર્વનો સ્ત્રોત છે, કારણ કે તેણે તાઈકવૉન્ડો અને ગણિત બંને ક્ષેત્રોમાં અપવાદરૂપ પ્રતિભા અને સમર્પણ દર્શાવ્યું છે. તેણે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે અસંખ્ય પુરસ્કારો જીત્યા છે.

**તાઈકવૉન્ડો : એક સંક્ષિપ્ત પરિચય**

તમને જાણીને કદાચ રસ પડશે કે તાઈકવૉન્ડો એ કોરિયન માર્શલ આર્ટ છે જે ઊંચી, ઝડપી કિક અને ગતિશીલ ફૂટવર્ક પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૨૦ મી સદીના મધ્યમાં ઉદ્ભવેલી આ રમત જાપાનીઝ કરાટે અને ચાઈનીઝ માર્શલ આર્ટના પ્રભાવથી શરૂ થઈ હતી. 'તાઈકવૉન્ડા' શબ્દનો અનુવાદ 'પગ અને મુઠ્ઠીનો માર્ગ' થાય છે, જે કૌશલ્ય અને ચોકસાઈ દર્શાવવાના હેતુથી હલનચલનના પૂર્વ આયોજીત ક્રમને રજૂ કરે છે. તાઈકવૉન્ડો તેના ફિલોસોફિકલ ઘટકો, શિસ્ત, આદર અને સ્વ-સુધારણાને પ્રોત્સાહન આપવા માટે પણ જાણીતું છે. ઈ.સ. ૨૦૦૦ થી સત્તાવાર ઓલિમ્પિક રમત બની હતી. એકંદરે, તાઈકવૉન્ડો માત્ર એક શારીરિક પ્રવૃત્તિ નથી પરંતુ તે માનસિક મનોબળ અને વ્યક્તિગત વિકાસને પણ પ્રોત્સાહન આપે છે.

**તાઈકવૉન્ડોમાં રીહાનની અદ્ભૂત સિદ્ધિઓ**

રીહાને તાઈકવૉન્ડોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી પ્રતિષ્ઠિત સ્પર્ધાઓમાં ભાગ લીધો છે.

- સિઓલ કપ અને કોરિયામાં યોજાયેલી વર્લ્ડ તાઈકવૉન્ડો ચેમ્પિયનશિપ જેવી સ્પર્ધાઓમાં તેણે સુવર્ણ, રજત અને કાંસ્ય સહિતના અનેક મેડલ જીત્યા છે.
- મલેશિયા દ્વારા આયોજીત આરટીએસ વર્ચ્યુઅલ ઈન્ટરનેશનલ તાઈકવૉન્ડો પૂમસે ચેમ્પિયનશિપમાં પણ તેણે રજત ચંદ્ર મેળવ્યો હતો, જે વિશ્વમાં તેની બહુમુખી પ્રતિભા સાબિત કરે છે.

**રાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સમાં પણ રીહાને પોતાનો રેકોર્ડ મજબૂત બનાવ્યો છે.**

- દિલ્હીમાં યોજાયેલી ઓપન ઈન્ડિયન ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપમાં તેણે બે સુવર્ણ અને એક કાંસ્ય સહિત અનેક મેડલ જીત્યા.
- તેણે મુંબઈ જનરલ કપ, પ્રાઈડ કપ અને વિવિધ જિલ્લા અને રાજ્ય ચેમ્પિયનશિપ જેવી ભારતભરની અન્ય રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્પર્ધાઓમાં પણ સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે તથા એક જ ઈવેન્ટમાં અનેકવાર અનેક સુર્વણ ચંદ્રકો જીત્યા છે.

**રીહાનની ગણિત અને તર્કશાસ્ત્રમાં પણ સિદ્ધિઓ એટલી જ પ્રશંસનીય છે.**

- તેણે NOF જુનિયર ઈન્ટરનેશનલ મેથ ઓલિમ્પિયાડ, સિલ્વરઝોન ઈન્ટરનેશનલ ઓલિમ્પિયાડ, CREST ઓલિમ્પિયાડ્સ, LOGIQids અને ગ્લોબલ મેન્ટલ ઓલિમ્પિયાડ જેવી અનેક જાણીત ઓલિમ્પિયાડ્સમાં સુવર્ણ, રજત અને ટોચના ક્રમ પ્રાપ્ત કર્યા છે.
- તેના પુરસ્કારોમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ટોચના ક્રમમાં શિષ્યવૃત્તીઓ, તેમજ IIT બોમ્બે, IIT રૂરકી અને IIM કલકત્તા જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ તરફથી વિશેષ સન્માનનો સમાવેશ થાય છે.
- તેણે વૈશ્વિક સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે, અને સિંગાપોર યુનિવર્સિટી, બોર્સેલોના યુનિવર્સિટી, કોલંબિયા યુનિવર્સિટી અનો અન્ય ટોચની યુનિવર્સિટીઓમાં ગ્રાન્ડ ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું છે.

રીહાનનું રમતગમત અને શિક્ષણ એમ બંને ક્ષેત્રોમાં લાગલગાટ સુંદર પ્રદર્શન તેની શિસ્ત, સખત મહેનત અને સ્પર્ધાત્મક ભાવનાને પ્રકાશિત કરે છે, જે તેને ખરેખર એક ઉત્કૃષ્ટ સર્વગ્રાહી સિદ્ધિ મેળવનાર બનાવે છે. તેની આ સિદ્ધિઓ ખરેખર પ્રેરણાદાયક છે.



NIRAV
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com



દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

Sankalp Astrologist & Palmist

તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર,
લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી,
નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા,
ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ,
શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ,
પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી,
ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. - ૯૫૯૪૩૨૬૨૦૨


## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **હિતેન રજનીકાંત પરીખ (બંગાળી)**
  એ-૧૨૦૩, કંચનગીરી કો.ઓ.હા.સો. લી.
  અશોક નગર, કાંદિવલી (ઈ.), મુંબઈ -૪૦૦૧૦૧
  (મો.) : ૯૮૨૦૧૮૪૮૭૧

### મૃત્યુ નોંધ

| મૃત્યુ નોંધ | વર્ષ |
|---|---|
| રજનીકાંત છોટાલાલ પરીખ (બંગાળી) | ૯૦ |
| નવીનચંદ્ર રમણલાલ મોદી | ૭૯ |
| પ્રકાશભાઈ કાન્તીલાલ કડકીઆ (મરઘા) | ૭૫ |
| સરલાબેન નવનીતલાલ દેસાઈ (દેડકી) | ૯૦ |
| હંસાબેન બાબુલાલ શાહ (ફાફા) | .... |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**


Thrive Acupuncture Center

Acupuncture Therapy
Dry Cupping Therapy
Wet Cupping Therapy
Fire Cupping Therapy
Marma Therapy
Yoga Therapy
Reiki Healing
Akashic Records Healing

Acne/Pimple, Hair Fall/Loss, Hives, Eczema, Psoarisis, Itching, Frozen Shoulder
Knee Pain, Low Back Pain, Cholestrol, Acidity, Heart Palpitations, Anxiety, Depression
Hiccups, Constipation, Sleep Disorder, Vision problems, Swelling, PCOS/PCOD, Varicose Veins
Greying Hair, Male Infertility, Female Infertility, Cancer Support

Cosmetic Acupuncture - Skin/Hair/ Weight Loss

Visshad Wagghelaa - +91 9004611453
Lic.Acupuncture Therapist - Mah. Govt Council
Address : Shop no.2, Panchsheel Residency, Mahavir Nagar, Kandivali - West, Mumbai - 400067,
Landmark : Opp Radhe Dhokla and Close to Kandivali West Metro Station.

**Amrish Kacharia**
Director

Auth. Distributors
POLYCAB
IDEAS. CONNECTED.

# Prabhat Wires AK
## Private Limited

Wires That Spark Innovation

**Nayi soch, nayi raftaar**

## OUR PRODUCTS:

- Power cables
- Control cables
- Instrumentation cables
- Solar cables
- Building wires
- Flexible cables
- Specialty cables (welding, submersible, overhead conductors, green wires)

022 - 49724848
+91 9769025153
sales@prabhatwires.in
www.prabhatwires.in

Scan To Know More



**Head Office**
1st Floor,Govind Niwas, 99/101 Lohar Chawl, Mumbai - 400002

**Mumbai ( Wires )**
Shop No-2, Bulakhidas Bldg, Ground Floor, 9/11, Vithaldas Road, Mumbai- 400002

**Mumbai ( Cables )**
Shop No-G-11, Bldg-8, Devkaran Mansion, Vithaldas Road, Mumbai 400002

**Bhiwandi Warehouse**
Survey No- 25/5 & 6, House No.-377, Dapode Road, Bhiwandi-421302

www.prabhatwires.in

GSTIN : 27AAPCP5617E1Z7

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 years

ANUKOOL selections
BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®
Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO
ASHLY lumenradio Luminex CAPTURE DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance
E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.